## "બનાસકાંઠા જિલ્લાના તળાવોમાં નર્મદા નીરનું આગમ થયું, પાવન જળનો સંગ્રહ થયોને પાણીદાર વિસ્તારનું સર્જન થયું"

**ગામડે ગામડે તળાવોનું નિર્માણ કરી જળથી સમૃદ્ધ વારસો ભાવિ પેઢીને આપવાનું ભગીરથ કાર્ય બનાસ ડેરીએ કર્યું.**



પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક : ૧૫| માર્ચ-૨૦૨૪
www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**પશુપાલન વ્યવસાયને વેગ આપવા બનાસ ડેરીએ ૧૨ દુધાળા પશુ યોજના અંતર્ગત ૪૦૨ પશુપાલકોને આપી સહાય.**

**ચેરમેન શ્રી શંકરભાઈએ આયોધ્યા ખાતે પ્રભુ શ્રી રામના દિવ્ય દર્શન કરી પશુપાલકોના કલ્યાણ અર્થે પ્રાર્થના કરી.**

**બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકામાં યોજાયો દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ.**



# પ્રભુ શ્રી રામના પાવન ચરણોમાં શીશ નમાવી દિવ્ય દર્શન કરતા ચેરમેન શ્રી શંકરભાઈ

राम राम राम्‌ति रमे रामे मनोरमे ।
सहस्त्रनाम तत्तुल्यं रामनाम वरानने ।।





અયોધ્યા ખાતે પાવન અને અલૌકિક વાતાવરણમાં પ્રભુ શ્રી રામ લલ્લાના દિવ્ય દર્શન કરી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ધન્યતા અનુભવી અયોધ્યા ખાતે શ્રી રામ મંદિરમાં અદ્ભુત અને અવિસ્મરણીય પ્રતિમા જોઈને કોઈપણ વ્યક્તિ પવિત્ર ચેતનાનો સાક્ષી બની જશે, એવું ચેરમેનશ્રીએ પ્રભુ શ્રી રામનાં દર્શન કરીને પશુપાલકોને સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું.

ગુજરાત રાજ્યના મંત્રીમંડળ સાથે પશુપાલકોના પ્રિય અને બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીને પાવનનગરી અયોધ્યા ખાતે ભવ્ય અને દિવ્ય શ્રીરામ મંદિરમાં રામલ્લાના દર્શનનો અલૌકિક લ્હાવો પ્રાપ્ત થયો હતો. ભગવાનના દર્શનની આ અનુભૂતિ હ્રદયને સ્વર્ગીય આનંદથી ભરી દેનારી અવર્ણનીય છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભગવાનના દિવ્ય સ્વરૂપ સમક્ષ ભારતના સર્વોત્તમ વિકાસ, બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસ, પશુપાલકોનાં કલ્યાણ અર્થે અને સનાતન મૂલ્યોના જયકારની પ્રાર્થના કરી.

ચેરમેનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામના મંદિરના નિર્માણનું કરોડો દેશવાસીઓનું સ્વપ્ન પૂરુ થયું છે. શ્રી રામ મંદિરના દર્શન માટે પ્રત્યેક ભક્ત આતુર છે, ત્યારે આજે મને આ પુનિત અવસર મળ્યો એ ભગવાનની પરમ કૃપા છે. બનાસ ડેરીનાં લાખો પશુપાલક પરિવાર વતી ભગવાનના ચરણોમાં આસ્થા અને ભક્તિપૂર્વક શીશ નમાવવાનું સદભાગ્ય મને પ્રાપ્ત થયું એ મારા જીવનની સૌથી મોટી ખુશીની ક્ષણ છે.

રાજ્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સહ રાજ્ય મંત્રીમંડળના સદસ્યોએ અયોધ્યા ખાતે નવનિર્મિત ભવ્ય રામમંદિરમાં રામલલ્લાના ભાવભૂર્પક દર્શન કર્યા હતા તેમજ નાગરિકોની સુખાકારી અને ભારતના સર્વોત્તમ વિકાસ માટે પ્રાર્થના કરી હતી.



# ગુજરાત રાજ્યના મંત્રીમંડળે લખનઉ ખાતે કાર્યરત બનાસ ડેરીનાં પ્લાન્ટની લીધી મુલાકાત



આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીના શુભ હસ્તે ઉત્તર ભારતની પ્રથમ અમૂલ આઈસ લોન્જનું લોકાર્પણ કરાયું.

ગુજરાત રાજ્યના મંત્રીમંડળે લખનઉ ખાતે કાર્યરત બનાસ ડેરીની મુલાકાત કરીને વિવિધ કામગીરી નિહાળી.

ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સહ ઉપસ્થિતિમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને ગુજરાત રાજ્યના મંત્રીમંડળે લખનઉ ખાતે કાર્યરત બનાસ ડેરીનાં પ્લાન્ટની મુલાકાત કરીને ત્યાં ચાલતી વિવિધ કામગીરી નિહાળી હતી. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના શુભહસ્તે ત્યાં નવનિર્મિત ઉત્તર ભારતની પ્રથમ અમૂલ આઈસ લોન્જનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પશુ પાલકોના સર્વાંગી વિકાસ માટે પ્રયાસ, પરિશ્રમ અને પુરૂષાર્થ થકી સહકારી ક્ષેત્રમાં સતત સક્રિય રહેતા બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અને એમના દીર્ઘદ્રષ્ઠિ હેઠળ લખનઉ ખાતે ઉત્તર ભારતની પ્રથમ અમૂલ આઈસ લોન્જનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં લોકો દુનિયાના વિવિધ દેશોની જાણીતી આઈસ્ક્રીમ ફ્લેવર્સ માણી શકશે. સહકાર ક્ષેત્રની અગ્રણી બ્રાન્ડ અમૂલે ગુજરાતથી આગળ વધીને દેશભરમાં એક આગવી ઓળખ અને ચાહના પ્રાપ્ત કરી છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ નવા આઉટલેટની સફળતા માટે અમૂલને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ બનાસ ડેરીની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે લાખો પશુપાલક પરિવાર માટે બનાસ ડેરી જીવાદોરી છે, જે અર્થિક સુખ, રોજગારી અને સમાજમાં સન્માન સાથે રહેવાની તક પુરી પાડે છે. સ્વ. શ્રી ગલબાકાકા એ રોપેલું બીજ આજે વટવૃક્ષ બનીને ન માત્ર ગુજરાત, પરંતુ દેશના અન્ય કેટલાય રાજ્યોમાં પોતાની શાખાઓ ફેલાવીને સહકારથી સમૃદ્ધિના સંકલ્પ સાકાર કરે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં નેતૃત્વમાં બનાસ ડેરી ખેડૂતો અને પશુપાલકોને આવક બમણી કરવાનું કામ કરે જ છે સાથે સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ દૂધ સિવાયનાં અન્ય કેટલાક સાહસો શરૂ કરીને ભવિષ્યમાં બનાસ ડેરીને વિશ્વ સૌથી મોટી ડેરી બનાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# પશુપાલન વ્યવસાયને વેગ આપવા બનાસ ડેરીએ ૧૨ દુધાળા પશુ યોજના અંતર્ગત કુલ ૪૦૨ પશુપાલકોને આપી સહાય

## ૧૨ દુધાળા પશુ યોજના અંતર્ગત વિવિધ પ્રકારની સહાય માટે કુલ ૭.૬૩ કરોડ રૂપિયાની સહાય પુરી પાડવામાં આવી




ગ્રામ્ય કક્ષાએ પશુપાલન વ્યવસાયને આગવું મહતવ આપી, પશુપાલનને ગ્રામ્ય રોજગારીનો આધારસ્તંભ બનાવી ખેડૂતોની આવક બમણી કરવા માટે નાણાંકીય પ્રોત્સાહન થકી પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ આપવાના ઉદેશ્ય સાથે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી સાહેબના શુભહસ્તે બનાસ સંકુલ, સણાદર ખાતેથી ૧૨ દુધાળા પશુ ડેરી ફાર્મ સહાય યોજના અંતર્ગત ૪૦૨ લાભાર્થીઓમાં ચેક વિતરણ કરવામાં આવ્યા.

એશિયામાં પશુપાલન ક્ષેત્રે બનાસકાંઠા જિલ્લો અવ્વલ નંબરે છે અને હાલમાં એક કરોડ લીટર કરતા પણ વધુ દૂધનું સંપાદન કરીને શ્વેતક્રાંતિ ક્ષેત્રે વધુ એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે ત્યારે આ આંકડો હજુ પણ વધે, વધુ લોકો સ્વરોજગારી રૂપે પશુપાલનનો વ્યવસાય શરૂ કરી શકે અને ઉચ્ચ ઓલાદો રાખીને વધુ દૂધનું ઉત્પાદન કરી શકે તે માટે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના હસ્તે સણાદર સંકુલ ખાતે સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના કુલ ૪૦ લાભાર્થીને સેડ સહાય, વીમા પ્રીમીયમ સહાય તેમજ અન્ય ઘટક જેવા કે મિલકીંગ મશીન, ચાફકટર અને ફોગર સહાય મળીને કુલ ૭.૬૩ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ મહિલા પશુપાલકોને સંબોધતા જણાવ્યું હતું કે, બનાસ ડેરીની અસલી તાકાત, પ્રેરણાદાયી અને પથદર્શક જિલ્લાની મહિલા પશુપાલક બહેનો છે. તેમના પ્રયાસ, પરિશ્રમ અને પુરૂષાર્થ થકી બનાસ ડેરીએ ૧ કરોડ લિટર દૂધનું સંપાદન કરી શકી છે. આજે વિશ્વફલક પર બનાસ ડેરી સહકારી સંસ્થાઓ માટે ઉત્તમ ઉદાહરણ તરીકે ઉભરી આવી છે. વધુમાં તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દીર્ઘદ્રષ્ટિ, નેતૃત્વ અને માર્ગદર્શન થકી દેશભરમાં પશુપાલકોના હિતમાં નિર્ણયો લેવાયા, યોજનાઓ અમલમાં મુકાઇ અને ઈતિહાસમાં પ્રથમવાર સહકારી મંત્રાલયની રચના કરવામાં આવી. આ તમામ કાર્યો ખેડૂતો અને પશુપાલકો પ્રત્યેની મોદીજીની ભાવનાને પ્રકાશિત કરે છે.

ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં બનાસ ડેરીના પ્લાન્ટ શરૂ થવાના કારણે સંઘમાં નવા દુધાળા પશુઓનો ઉમેરો થવાથી પશુપાલકો અને ડેરી વધુ આત્મનિર્ભર, સમૃદ્ધ અને સક્ષમ બનવા તરફ પ્રગતિ કરી રહી છે.





# બનાસ ડેરીના પટાંગણમાં યોજાયો દૂધદિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ

**બનાસ ડેરીના પટાંગણમાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીની અધ્યક્ષતામાં અને નિયામક મંડળની ઉપસ્થિતિમાં યોજાયો દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ.**

**મહિલા પશુપાલકોના દિવ્ય આશીર્વાદ મને જિલ્લા અને પ્રજાના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવાની શક્તિ આપે છે. ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી.**

બનાસ ડેરી અને ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે બનાસડેરીના પટાંગણમાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીની અધ્યક્ષતા હેઠળ પાલનપુર અને વડગામની મહિલા પશુપાલકો માટે દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દૂધ ઉત્પાદનમાં અગ્રેસર રહેનાર મહિલા પશુપાલકોને સન્માનિત કરવામાં આવી હતી તેમજ ટેક્નોલોજીના ઉપયોગથી પશુપાલન વ્યવસાયને વધુ વેગવંતો બનાવવા સંદર્ભે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. બનાસ ડેરીના માધ્યમથી જિલ્લાના છેવાડાના વિસ્તારમાં રહેતી મહિલા પશુપાલકો પોતાના પરિવારનો આધાર, સમૃદ્ધ અને આત્મનિર્ભર બની છે.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેનૃત્વમાં બનાસ ડેરી પશુપાલકો અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. બનાસ ડેરીના કેમ્પસમાં આયોજીત દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમમાં મહિલા પશુપાલકોને પશુ પાલન વ્યવસાય અને બનાસ ડેરીની કામગીરીથી અવગત કરવામાં આવ્યા હતાં. ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતુ કે બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાભાઇ નાનજીભાઇ પટેલના ચરણોમાં હું સત સત નમન કરૂં છું, કારણ કે તેમણે રોપેલું બીજ આજે વટવૃક્ષમાં રૂપાંતરિત થઈને લાખો પરિવારોને મીઠો છાયડો આપે છે. તેમના થકી પશુપાલકો અને ખેડૂતો સ્વાવલંબી, સક્ષમ અને સમૃદ્ધ બન્યા છે. સમય સાથે જિલ્લાની બહેન દીકરીઓ આગળ વધી છે અને મજબૂત બની છે, એનો મને આનંદ છે. પારદર્શિતા લાવવા માટે બનાસડેરીએ દૂધના ભાવમાં વધારો આપ્યો અને એની જાણકારી દરેક પશુપાલકોને પત્ર લખીને મોકલવામાં આવી.

બનાસકાંઠાની બહેનો પશુપાલન થકી સદ્ધર બને એવા ભાવ સાથે બનાસડેરી સતત નવા નવા પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. બનાસકાંઠા જેવા સૂકા પ્રદેશમાં બનાસવાસીઓએ સહિયારો પ્રયાસ કરીને દૂધ, ઘી અને મધની નદીઓ વહેતી કરી છે.

ચેરમેનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે મહિલા પશુપાલકોએ પ્રયાસ, પરિશ્રમ અને પુરૂષાર્થ થકી સ્વ. ગલબાકાકાના સ્વપ્નને સાચા અર્થમાં સાકાર કર્યું છે.

એટલું જ નહીં બનાસ ડેરીને વિશ્વ ફલક પર જાણીતી કરી છે અને ગૌરવની વાત એ છે કે માન. વડાપ્રધાનશ્રીએ પણ તેમના જુદા જુદા વક્તવ્યમાં બનાસ ડેરીની પ્રશંસા કરી છે. જિલ્લાની કેટલીક મહિલા દૂધ ઉત્પાદકો આ વ્યવસાય થકી કરોડોની આવક મેળવીને દેશમાં પ્રેરણારૂપ બની છે. આમતો બનાસ કાંઠાના મોટા ભાગના આર્થિક વ્યવહાર દૂધની આવક સાથે સંકળાયેલ છે, પછી તે બાળકોનું શિક્ષણ હોય, કુટુંબનો સ્વાસ્થ્યનો ખર્ચ, સામાજિક બચત કે પોતાના ઘરનું ઘર હોય. આમ તો બનાસકાંઠા ડેરી સાચા અર્થમાં બનાસની જીવાદોરી બની છે.



બનાસ ડેરીના પટાંગણમાં આયોજિત દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમમ મહિલા પશુપાલકોને પશુપાલન વ્યવસાય, પશુઓની માવજત, આધુનિક ટેક્નોલોજી, કેન્દ્ર અને રાજ્ય સરકારની ડેરી ઉદ્યોગ સંબંધિત યોજનાઓ અંગે જરૂરી માહિતીથી અવગત કરવામાં આવ્યા હતા તેમજ વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદનમાં ઉત્તમ કામગીરી કરનાર મહિલા પશુપાલકોને સન્માનિત કરવામાં આવી હતી. દૂધદિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમમાં મહિલા પશુપાલકોને પશુપાલન વ્યવસાય અને બનાસડેરીની કામગીરીથી અવગત કરવામાં આવે છે તેમજ મહિલાઓ બનાસડેરીની કામગીરી અંગે પોતાનો પ્રતિભાવ રજુ કરે છે, જેથી સૌ કોઈ ડેરીની કામગીરીથી માહિતગાર રહે.

આ દૂધદિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, બનાસડેરીના નિયામક મંડળના સભ્યોશ્રીઓ, પાલનપુર અને વડગામની મહિલા પશુપાલકો, બનાસ ડેરીના કર્મચારીઓ તેમજ સહકારી ક્ષેત્રના આગેવાનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.







# મોદીજીનો પરિવાર, બનાસ પરિવાર




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભહસ્તે ૨૩ ફેબ્રુઆરીના રોજ બનાસ ડેરી દ્વારા વારાણસી ખાતે નવનિર્મિત બનાસ કાશી સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જે આજે પૂર્વાંચલના લોકો માટે આકર્ષણનું અને સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સાકાર કરવા માટે મહત્વનું એક કેન્દ્ર બની ગયું છે. દરરોજ ઉત્તર પ્રદેશના ખૂણે ખૂણેથી હજારોની સંખ્યામાં લોકો બનાસ ડેરી પ્લાન્ટ, વારાણસીની મુલાકાત કરવા આવે છે. તાજેતરમાં અમુક લોકોએ ભેગા મળીને 'મોદીજી કા પરિવાર' લખીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી પ્રત્યે, પ્રેમ, સ્નેહ અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી પશુપાલકો અને ખેડૂતોને પોતાના પરિવારના સભ્યો માનીને તેમના કલ્યાણ તેમજ સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ રહે છે. આજે બનાસ ડેરી સાથે ૬ લાખથી વધુ પશુપાલક પરિવાર જોડાયેલા છે. આ તમામ પશુપાલક પરિવાર મોદીજીનો પરિવાર છે. યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે બનાસ ડેરીનાં પશુપાલકોની ચિંતા કરતાં હતા, હવે જ્યારે વડાપ્રધાન છે ત્યારે પણ બનાસડેરીના હિતમાં સતત કાર્યો કરતા રહે છે. તેઓ ક્યારેય પોતાના પરિવારને ભૂલ્યા નથી અને બનાસ ડેરીનો પરિવાર પણ ક્યારેય મોદીજીને ભૂલ્યા નથી. બનાસ કાશી સંકુલ, વારાણસી ઉત્તર પ્રદેશના ખેડૂતો, પશુપાલકો અને પૂર્વાંચલનાં વિસ્તારને સમૃદ્ધ સશક્ત અને વિકસિત બનાવશે. પશુપાલન વ્યવસાયનો વ્યાપ વધારશે.



# રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ દ્વારા બનાસ ડેરીની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને કરાઈ શ્રેષ્ઠતા અને ગુણવત્તાનાં પ્રાદેશિક પુરસ્કારથી સન્માનિત

સહકારી સંસ્થાઓને વધુ વૃદ્ધિ માટે પ્રોત્સાહિત કરવા અને પાયાના સ્તરની સહકારી સંસ્થાઓમાં સ્પર્ધાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે ભારત સહકાર મંત્રાલય હેઠળની "રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)", ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૩ માટે પ્રાથમિક કૃષિ ધિરાણ, દુધ, ખાંડ અને મહિલા સહકારી મંડળીઓને સહકારી શ્રેષ્ઠતા અને ગુણવત્તા માટેના પ્રાદેશિક પુરસ્કાર તા. ૧૨ મી માર્ચ, ૨૦૨૪ ના રોજ એનાયત કરવામાં આવ્યા હતા.

ભારત સરકારના સહકાર મંત્રાલય હેઠળની "રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)" ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૩ માટે થરાદ તાલુકામાં કાર્યરત બનાસ ડેરીની લુનાન મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીને સહકારી શ્રેષ્ઠતા અને ગુણવત્તા માટે મેરીટ એવોર્ડથી તેમજ સાંતલપુર તાલુકાની વૌવા દૂધ ઉત્પાદક સહકારી મંડળીને દૂધ ક્ષેત્રની શ્રેષ્ઠ પ્રાથમિક સહકારી મંડળી માટે શ્રેષ્ઠતા પુરસ્કાર તેમજ સાગરોસણા દૂધ ઉત્પાદક સહકારી મંડળીને મેરિટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી, જે મહિલા પશુપાલકોના પ્રયાસ, પરિશ્રમ અને પુરૂષાર્થને પ્રકાશિત કરે છે.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી સાથે સંકળાયેલ સહકારી મંડળી તેમજ સંઘનું કામકાજ અને વહીવટ પારદર્શક થાય છે, જે સંસ્થાની પ્રગતિ અને પશુપાલકોના વિકાસને વેગ આપે છે.

**ગુજરાતની શ્રેષ્ઠ મહિલા સહકારી મંડળી :**

- મેરિટ એવોર્ડ-લુનાલ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ, મુ. લુનાલ, તાલુકા-થરાદ, જિ. બનાસકાંઠા

**ગુજરાતના દુધ ક્ષેત્રની શ્રેષ્ઠ પ્રાથમિક સહકારી મંડળ :**

- શ્રેષ્ઠતા પુરસ્કાર - વૌવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ, મુ. વૌવા, તાલુકા : સાતલપુર, જિલ્લો : પાટણ.
- મેરિટ એવોર્ડ - સાગરોસણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ, મુ. સાગરોસણા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા.

આ સમારોહના મુખ્ય મહેમાન શ્રી દિનેશભાઇ સુથાર, ચીફ એક્ઝિક્યુટિવ, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશનના હસ્તે ઉપરોક્ત મંડળીઓને રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC), ગાંધીનગર દ્વારા તા. ૧૨.૦૩.૨૦૨૪ના રોજ બેન્કવેટ હોલ-ગ્રીન એપલ રેસ્ટોરન્ટ, સેક્ટર : ૧૬, ગાંધીનગર ખાતે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા. જેમાં સહકારી શ્રૈષ્ઠતા ૨૦૨૩ માટે રૂા. ૨૫,૦૦૦/- ની રકમ, પ્રમાણપત્ર અને સ્મૃતિ ચિન્હ, જ્યારે NCDC પ્રાદેશિક પુરસ્કારો ફોર મેટિર ૨૦૨૩ માટે ૨૦,૦૦૦/- ની રકમ, પ્રમાણપત્ર અને સ્મૃતિ ચિન્હ આપવામાં આવ્યા.

આ પ્રસંગે શ્રી જીતેન્દ્ર આર. ઠક્કર I/C મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ ફેડરેશન ઓફ કો-ઓપરેટીવ સુગર ફેક્ટરીઝ લિમિટેડ તેમજ અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા. શ્રી સંજયકુમાર, પ્રાદેશિક નિયામક, એનસીડીસીએ તેમના પ્રારંભિક વક્તવ્યમાં એવોર્ડ સમારોહના તમામ મહેમાનો અને સહભાગીઓને આવકાર્યા તેમજ પ્રાદેશિક પુરસ્કાર માટે પસંદગીના માપદંડો પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. તેમણે સહકારી સંસ્થાઓને એનસીડીસીની વિવિધ યોજનાઓની જાણકારી પૂરી પાડી આ યોજનાઓનો લાભ લેવા વિનંતી કરી હતી.

સમારંભના મુખ્ય અતિથિ શ્રી દિનેશ સુથાર, ચીફ એક્ઝિક્યુટિવ, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (GUJCOMASOL) તરફથી સહકારી મંડળીઓ માટે એવોર્ડ સમારોહનું આયોજન કરવા બદલ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) ને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ખેતપેદાશોના મૂલ્યવર્ધન તેમજ પ્રાકૃતિક ખેતીનું કૃષિ ક્ષેત્રમાં મહત્વ સમજાવી મંડળીના સભ્યોને પ્રોત્સાહિત કર્યા અને ગુજકોમાસોલ દ્વારા સહકારી ઉત્પાદનોના માર્કેટીંગ માટેની માહિતી પુરી પાડી. સમારોહના અંતમાં શ્રી રોહિત ખત્રી, વરિષ્ઠ સહાયક, એનસીડીસી દ્વારા આભારવિધિ કરવામાં આવી.






# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભ હસ્તે સુમુલ ડેરીમાં નવનિર્મિત અમૂલના આઈસ્ક્રીમ પ્લાન્ટ વિસ્તૃતિકરણ અને આઈસ્ક્રીમ વેફલ કોન મેકિંગ પ્લાન્ટનું કરાયું લોકાર્પણ.







સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.-સુમુલ ડેરીના ઉપક્રમે કામરેજ તાલુકાના નવી પારડી ખાતે રૂા. ૧૫૦ કરોડના ખર્ચે અમૂલના આઈસ્ક્રીમ પ્લાન્ટ વિસ્તૃતિકરણ અને આઈસ્ક્રીમ વેફલ કોન મેકિંગ પ્લાન્ટને સાંસદ શ્રી સી.આર.પાટીલ તેમજ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના શુભહસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, જેમાં નાણામંત્રી કનુભાઈ દેસાઇ, સહકાર રાજ્યમંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઇ પટેલ, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિ, શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા તેમજ સાંસદ શ્રી પ્રભુભાઇ વસાવા ઉપસ્થિત રહ્યા હતા.

સુમુલમાં રોજ ૨૭ લાખ લીટર દૂધ એકત્ર થાય છે, જેમાં ૮૦ ટકા દૂધ આદિવાસી વિસ્તારમાંથી આવે છે. આઇસ્ક્રીમ અને મેકિંગ પ્લાન્ટના કારણે થતા સ્થાનિક વિસ્તારના લોકો માટે રોજગારીની નવી તક ઉભી થઇ છે. ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે સુમુલ ડેરીના પારદર્શક વહીવટથી રાજ્યના દૂધ ઉત્પાદન અને સહકાર ક્ષેત્રે આગવી ઓળખ ઉભી થઇ છે, એટલું જ નહીં, રાજ્યના વિકાસમાં તેમજ પશુપાલકોની આર્થિક ઉન્નતિમાં સુમુલ ડેરી મહત્વનું યોગદાન આપી રહી છે. સુમુલ ડેરીના આ પ્લાન્ટનું નિર્માણ થતા સ્થાનિક વિસ્તારના લોકો માટે રોજગારીની નવી તકો ઉભી થશે. તે ઉપરાંત પશુપાલકોને સ્વરોજગાર આપવા સહીત સ્વનિર્ભર, સક્ષમ અને સમૃધ્ધ બનાવશે.

# જનભાગીદારીથી શું શક્ય નથી !
# લોકભાગીદારીની મિસાલ બનાસ ડેરી

આજે બનાસ ડેરીએ સહકારી ક્ષેત્રમાં એક સફળતાની કહાની લખી છે, જેની પાછળ જનભાગીદારીનું બહુ મોટું યોગદાન છે. ઉદેશ્ય સિદ્ધ કરવા માટે જનભાગીદારી અને સામુદાયિક સક્રિયતાનું વિશેષ મહત્વ છે. કોઈપણ કાર્યને સરળ અને અસરકારક રીતે ચલાવવા માટે લોકભાગીદારી પણ જરૂરી છે. આથી જ બનાસ ડેરીના દરેક પ્રગતિના કામમાં પ્રજા પ્રથમ છે. બનાસકાંઠા જિલ્લાની જનતાની લોકભાગીદારીથી શરૂ કરાયેલા અને સફળતાપૂર્વક ચાલી રહેલા અનેક કામો આપણી સામે છે. આજે લોકભાગીદારીથી બનાસ ડેરી એક છોડમાંથી વિશાળ વટવૃક્ષમાં પરિવર્તિત થઈ છે. જનભાગીદારીથી બનાસ ડેરીએ ઘણા ઉદ્દેશ્યો, સફળતાઓ હાંસલ કરી છે અને લોકભાગીદારી સાથે કામ કરીને દૂધ ઉત્પાદકોના બેંક ખાતામાં દરરોજ રૂા. ૩૫ કરોડથી વધુ જમા કરાવે છે અને જમા થયેલ દૂધની વિગતો અને પ્રાપ્ત રકમ તરત જ એસ.એમ.એસ. દ્વારા મોકલે છે. છેલ્લા વર્ષે દૈનિક દૂધની ચૂકવણી સિવાય બનાસ ડેરીએ દૂધ ઉત્પાદકોને વળતર તરીકે રૂા. ૧૯૫૩ કરોડનું વિતરણ પણ કર્યું છે.

## પર્યાવરણઃ



બનાસકાંઠા સૂકો પ્રદેશ છે પરંતુ તેને હરિયાળો બનાવવાની જવાબદારી બનાસવાસીઓએ લીધી છે. બનાસ ડેરીએ છેલ્લા પાંચ વર્ષમાં લોકભાગીદારીથી વૃક્ષારોપણ અભિયાન શરૂ કર્યું છે અને દસ વર્ષમાં દસ કરોડ રોપા વાવવાનો સંકલ્પ પણ લીધો છે. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે લોકભાગીદારીથી ૪.૫ કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે અને ગાયના છાણ અને માટીમાંથી બનેલા ૫ કરોડથી વધુ સીડ બોલ ડ્રોન દ્વારા પહાડોમાં વાવવામાં આવ્યા છે, જેના પરિણામે અહીંના પર્વતો અને જંગલનો વ્યાપ વધ્યો છે.

## તળાવનું નિર્માણ :



બનાસ સંકુલ સણાદર (દિયોદર) ના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસની જનતાને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત નર્મદાના પાણીને ઈશ્વરનો પ્રસાદ અને પારસ માનીને બનાસકાંઠા જિલ્લાના દરેક ગામમાં તળાવોનું નિર્માણ કરવાનું આહ્વન કર્યું હતું. ધરતીને અમૃતમય બનાવવાના આહ્વાનને પૂર્ણ કરવા બનાસ ડેરીએ લોકભાગીદારીથી દરેક ગામમાં તળાવો બનાવ્યા છે. બનાસ જળ શક્તિ અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લામાં અત્યાર સુધીમાં ખેડૂતોની લોકભાગીદારી અને કરોડો રૂપિયાના યોગદાનથી ૨૩૫ તળાવો તૈયાર કરવામાં આવ્યા છે, જેના પરિણામે કુવાઓ અને બોરમાં પાણીનું સ્તર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વધ્યું છે. જેનો સીધો લાભ પશુપાલન અને ખેતીમાં મળે છે.

## જમીન બચાવો :




બનાસવાસીઓએ બનાસકાંઠા જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો બનાવીને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંકલ્પ કર્યો છે. આ અંતર્ગત જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા અને રાસાયણિક વધારવા માટે કામ કરી રહી છે. આ માધ્યમ દ્વારા આગામી સમયમાં અહીં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે.

## દૂધ ઉત્પાદકોની પોતાની મેડિકલ કોલેજ :




માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અને દૂધ ઉત્પાદકોની ભાગીદારી હેઠળ બનાસ મેડિકલ કોલેજની સ્થાપનાની ઘોષણા ડિસેમ્બર ૨૦૧૬ માં કરવામાં આવી હતી. જેના માટે બનાસ ડેરી સાથે સંકળાયેલા ૫ લાખથી વધુ ખેડૂતોએ દૂધની કમાણીમાં પ્રતિ લિટર પાંચ પૈસાનું યોગદાન આપીને તેમણે રૂા. ૧૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા અને દેશની પ્રથમ ખેડૂત માલિકીની મેડિકલ કોલેજ અને હોસ્પિટલની સ્થાપના કરી આજે ઘણા ખેડૂતોના બાળકો અહીં અભ્યાસ કરી તેમના પરિવારના સપના સાકાર કરી રહ્યા છે. અહીં દૂધ ઉત્પાદકોના બાળકો માટે ફી માં ૫૦ ટકા રાહત આપવામાં આવે છે. આજ સુધીમાં ૯૫૦ વિદ્યાર્થીઓએ અહીં તબીબી શિક્ષણ મેળવ્યું છે, જેમાંથી ૨૫૨ વિદ્યાર્થીઓ બનાસકાંઠા જિલ્લાના રહેવાસી છે અને ૧૫૪ વિદ્યાર્થીઓ દૂધ ઉત્પાદકોના બાળકો છે.

બનાસ ડેરી સંચાલિત સિવિલ હોસ્પિટલ ૮૦૦ પથારીની સુવિધાથી સજ્જ છે અને આધુનિક ટેક્નોલોજી દ્વારા જિલ્લાના ખેડૂતોને તમામ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. કોરોનાના સમયગાળા દરમિયાન વડાપ્રધાનના આહ્વાન પર બનાસકાંઠા દૂધ ઉત્પાદકોએ માત્ર ૭૨ કલાકમાં PM CARE ફંડમાં ૭.૧૩ કરોડ રૂપિયાની રકમ જમા કરાવીને દેશની આરોગ્ય સંભાળમાં યોગદાન આપ્યું છે.

## બનાસ સૈનિક શાળા :



બનાસ ડેરીએ સહકારી રીતે સંચાલિત બનાસ સૈનિક શાળાની સ્થાપના કરી છે. દેશભરમાં સો નવી સૈનિક સ્કુલ ખોલવાની માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની યોજના હેઠળ બનાસ ડેરીએ પણ નવી સૈનિક શાળાની શરૂઆત કરી છે. બનાસ સૈનિક સ્કૂલ દેશના વિવિધ વિસ્તારો અને બનાસકાંઠા જિલ્લાના બાળકોને ઉત્તમ શિક્ષણ અને સર્વાંગી વિકાસ આપીને રાષ્ટ્રના સુરક્ષા દળ અને અન્ય રોજગાર માટે તૈયાર કરશે.

## મધ (મીઠી ક્રાંતિ) :



૨૦૧૬ માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસકાંઠાની મુલાકા લીધી હતી અને મહેનતુ ખેડૂતોને શ્વેત ક્રાતિ સાથે મધ ઉત્પાદન દ્વારા 'સ્વીટ રિવોલ્યુશન' ના વાહક બનવા આહ્વાન કર્યું હતું. આ આહ્વાનને પડકાર તરીકે સ્વીકારીને ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરીએ મધ પ્રોજેક્ટ શરૂ કર્યો, જે અંતર્ગત મોટી સંખ્યામાં ખેડૂતોને મધની ખેતી માટે તાલીમ આપવામાં આવી અને મધની ખેતી માટે નાણાકીય અને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ બનાસ ડેરીમાં જોડાઈને ૬ પ્રકારના વનસ્પતિ આધારિત મધનું ઉત્પાદન કરીને સ્વીટ રિવોલ્યુશનમાં અનોખી સફળતા મેળવી છે. જેમાં છેલ્લા વર્ષે જિલ્લામાં કુલ ૩૩૬.૭ મેટ્રીક ટન મધનું ઉત્પાદન થયું હતું અને ખેડૂતોને રૂા. ૫.૦૫ કરોડની ચુકવણી કરવામાં આવી હતી. મધના ઉત્પાદનની સાથે, ક્રોસ પોલિનેશનથી ખેતીની ઉપજમાં વધારો થયો છે. જે વધારાનો નફો છે. મધ ઉત્પાદન સહભાગિતાએ ખેડૂતને આવકનો વધારાનો સ્ત્રોત પૂરો પાડ્યો છે. જેના કારણે જિલ્લાભરના નાના ખેડૂતોને વધુ લાભ મળી રહ્યો છે. આજે બનાસ ડેરીના ખેડૂતો ખેતરમાંથી પાક લઈને, પશુપાલન દ્વારા દૂધનું ઉત્પાદન કરીને અને બનાસ ડેરીએ સરહદી જિલ્લામાં મધના પરીક્ષણ માટે આધુનિક લેબોરેટરીની સ્થાપના કરી છે.

## પશુપાલન માટે આધુનિક ટેક્નોલોજી :



બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકોના પશુધનની આરોગ્ય સંભાળ માટે બનાસ ડેરીએ ૧૦૮ જેવી બનાસ પશુ સારવાર મોબાઈલ વાનની વ્યવસ્થા પૂરી પાડી છે, જે ૨૪ કલાક સેવામાં રહે છે. સીમેન સ્ટેશનની શરૂઆત ૭ જુલાઈ-૨૦૦૭ ના રોજ કરવામાં આવી હતી, જેમાં ભેંસ વર્ગમાં મહેસાણી, ગૌ વર્ગમાં કાંકરેજ અને HF ક્રોસ કાંકરેજ જાતિના બાળક ઉપલબ્ધ છે. વેટર દીઠ મહત્તમ દૂધ ક્ષમતા વિશે વાત કરીએ તો તે કાંકરેજમાં ૫,૬૫૫ લિટર, મહેસાણીમાં ૬૯૭૫ લિટર અને HF ક્રોસ કાંકરેજમાં ૮૯૧૪ લિટર છે. દર વર્ષે સીમેન સ્ટેશનમાં ૧૮ થી ૨૦ લાખ ડોઝ તૈયાર કરવામાં આવે છે અને આ વર્ષે ૨૫ લાખ ડોઝ તૈયારની ગણતરી છે. બનાસ ડેરી પાસે કુલ ૨૧૬ બળદ છે, જેમાંથી ૭૭ નો ઉપયોગ સિમેન્સ સંગ્રહ માટે થાય છે.

બનાસ ડેરીએ એમ્બ્રીયો ટ્રાન્સફર ટેકનોલોજી ઉપયોગ કરીને પ્રતિદિવસ ૨૦ થી ૨૬ લીટર દૂધ આપતી ઉચ્ચ વંશની ૭ રોગમુક્ત કાંકરેજ ગાયોને દાતા તરીકે પસંદ કરી NDDB આણંદની લેબોરેટરીમાં મોકલી છે. કાંકરેજ ગાયના વાછરડાનો જન્મ એમ્બ્રીયો ટ્રાન્સફર ટેક્નોલોજી દ્વારા થયો છે. જે બનાસકાંઠાના વારસા સમાન કાંકરેજ ગાયની જાતિને સુધારવામાં મોટી સફળતા છે. બનાસ ડેરી દ્વારા ૬૧૫ દૂધ ઉત્પાદક સહકારી જૂથો પર દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ, વર્ષ ૨૦૨૨-૨૩ માં કુલ ૨,૬૨,૦૫૦ રેસિમિનેટેડ પ્રાણીઓમાંથી ૯૯,૩૯૪ પ્રાણીઓએ બાળકોને જન્મ આપ્યો છે.

## ગોબરધન યોજન :





માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દેશના ખેડૂતો, પશુપાલકો અને ગામડાઓના વિકાસ માટે હંમેશા પ્રતિબદ્ધ રહ્યા છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત, વેસ્ટ રિસાયક્લિંગ, પર્યાવરણની સુરક્ષા અને દેશના કાર્બન ફૂટ પ્રિન્ટને ઘટાડવા માટે ગોબરધન નામની યોજના શરૂ કરવામાં આવી હતી, જે ખેડૂતોની આવક અને ગ્રીન એનર્જી વધારવાનો પર્યાય બની ગઈ છે.

ગોબર ધન પ્રોજેક્ટ હેઠળ બનાસ ડેરીએ બનાસકાંઠાના ડીસા તાલુકાના દામા ગામમાં પશુઓના છાણમાંથી બાયો-સીએનજી પ્લાન્ટ સ્થાપ્યો છે. આ બાયો CNG પ્લાન્ટમાંથી મિથેન આધારિત મોટર વાહન ઈંધણ અને કુદરતી ખાતરનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત બનાસ ડેરી પશુપાલકો પાસેથી ગાયનું છાણ ખરીદે છે અને પેમેન્ટ કરે છે, જેનાથી ખેડૂતોની આવક તો વધી જ છે પરંતુ જમીનની ફળદ્રુપતા પણ વધી છે. જેના કારણે રાસાયણિક ખાતરોના ઉપયોગ પણ ઓછો થયો અને કુદરતી કૃષિ ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળ્યું. અત્યાર સુધીમાં આ પાયલોટ બાયો-સીએનજી પ્લાન્ટમાં ૩.૧૦ કરોડ કિલો ગોબરની ખરીદી કરવામાં આવી છે અને ખેડૂતોને ૩ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે. આ બાયો CNG પ્લાન્ટમાં દરરોજ ૧૧૦ મોટર વાહનોને બળતણ સપ્લાય કરીને અત્યાર સુધીમાં બાયોગેસમાંથી રૂા. ૨,૬૦,૦૦,૦૦૦ રૂપિયાની આવક થઈ છે. આ ઉપરાંત કુદરતી ખાતરના વેચાણમાંથી રૂા. ૬,૨૫,૦૦,૦૦૦ આવક થઈ છે.

આ બાયોગેસ પ્લાન્ટની સફળતા બાદ હવે બનાસ ડેરી જાપાનની સુઝુકી મોટર કોર્પોરેશન સાથે મળીને ચાર વધારાના પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે, જે વડાપ્રધાનના “વેસ્ટ ટુ વેલ્થ” ના આહ્વાન અને “સહકાર થી સમૃદ્ધિ” ના સ્વપ્નને સાકાર કરશે. આ દિશામાં આ એક મોટી પહેલ છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ ક્લસ્ટર આધારિત ગોબરધન યોજનનાની મહત્વાકાંક્ષી પહેલ તરીકે, આ પાયલોટ બાયો સીએનજી પ્લાન્ટ ઉપરાંત, બનાસકાંઠ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને બનાસ ડેરીએ દેશમાં પ્રથમ ક્લસ્ટર આધારિત ગોબરધન યોજના પ્લાન્ટ સ્થાપવાનું નક્કી કર્યું છે. બનાસ ડેરીએ રાજ્ય સરકારના સહયોગથી બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના એક નવાગામને ગોબર્ધન પ્રોજેક્ટ હેઠળ સંપૂર્ણ બાયોગેસ પ્લાન્ટથી સજ્જ કરવાની સફળ યોજના સ્થાપી છે, જે ગામ વિસ્તારને સ્વચ્છ, પ્રદુષણ મુક્ત અને સ્વચ્છ ઉર્જાથી સમૃદ્ધ બનાવવામાં ઘણી મદદ કરે છે. ગોબર્ધન યોજનાનો મૂળ ઉદ્દેશ્ય ગામડાઓને સ્વચ્છ રાખવા, પશુઓના છાણ અને ઘન ખેત કચરાને ખાતર અને બાયોગેસમાં રૂપાંતરિત કરવાનો અને તેમાંથી સંપત્તિને ઉર્જા ઉત્પન્ન કરવાનો છે.



## બટાકા પ્રોજેક્ટ :



બનાસકાંઠા જિલ્લામાં બટાકાનું ઉત્પાદન સારા પ્રમાણમાં થાય છે. પરંતુ દર વર્ષે બટાકાના ભાવમાં થતી વધઘટને કારણે બનાસકાંઠા જિલ્લાના ખેડુતોને ભારે નુકસાન વેઠવું પડતુ હતું. બટાટાની ખેતીમાં ખેડૂતોને નુકસાન ન વેઠવું પડે અને તેમની આવક વધે તે હેતુથી બનાસ ડેરીએ વર્ષ ૨૦૧૭-૧૮ માં બટાટા પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. બનાસ ડેરી ખેડૂતો સાથે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ દ્વારા બટાકાની ખરીદી કરે છે અને અમૂલ બ્રાન્ડ હેઠળ અમૂલ ફ્રેન્ચ ફ્રાઈસ, આલૂ ટિક્કી, આલુ વેજ, હેશ બ્રાઉન, વેજી સ્ટેક, બર્ગર પેટીસ જેવી વિવિધ બટાકાની વાનગીઓનું માર્કેટીંગ કરવા માટે પ્રક્રિયા કરે છે. આ વર્ષે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો દ્વારા ઉત્પાદિત બટાકામાંથી તૈયાર કરાયેલ રૂા. ૫.૯૮ કરોડની વિવિધ બટાકાની પેદાશોને વિદેશી બજારોમાં નિકાસ કરવામાં આવે છે અને ભારતીય બજારમાં રૂા. ૧૩૬ કરોડનું વેચાણ થયું છે. આગામી બટાકાની સિઝનમાં બનાસ ડેરી પોટેટો પ્રોજેકટમાં જિલ્લાના ખેડૂતોની સંખ્યા વધે અને વૈજ્ઞાનિક પધ્ધતિથી પ્રોસેસ્ડ બટાકાનું ઉત્પાદન થાય તે હેતુથી જિલ્લાના ખેડૂતોને કૃષિ તજજ્ઞો દ્વારા પ્રશિક્ષિત અને પ્રોત્સાહિત કરાય છે.

## ઉમંગ મોલ :




પશુપાલકોના જીવનને સુવિધાઓથી ભરપૂર, આર્થિક રીતે સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરી ગ્રામજનોને ઉમંગ મોલ હેઠળ ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુઓ અને ઓછી કિંમતે ખરીદવાનો વિકલ્પ આપીને તેમના ઘરની નજીક આવશ્યક ચીઝવસ્તુઓ પૂરી પાડી રહી છે. ઉમંગ મોલ દ્વારા ખેડુતોને બનાસકાંઠામાં ઉત્પાદિત અને તૈયાર થયેલ વસ્તુઓમાં મૂલ્ય ઉમેરીને વધારાની આવક અને વ્યવસાય સ્ત્રોત પૂરો પાડવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાના વિવિધ ગામોમાં અત્યાર સુધીમાં કુલ ૨૪ ઉમંગ મોલ કાર્યરત છે અને આગામી સમયમાં ૧૫૦ થી વધુ મોલ કાર્યરત થશે.

## ટ્રક ઓન ટ્રેન :



બનાસ ડેરી એશિયાની સૌથી મોટી ડેરી છે, જે દરરોજ સરેરાશ ૭૫ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે અને વિવિધ રાજ્યોમાં કાર્યરત છે, પરંતુ અત્યાર સુધી બહારના રાજ્યોમાં ટ્રક દ્વારા દૂધ મોકલવામાં આવી રહ્યું હતુ, જેમાં લોડિંગ અને અનલોડિંગમાં ઘણો સમય લાગવાથી અને દૂધના જથ્થામાં ઘટાડો થવાને કારણે ઘણા પડકારોનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સમયસ્યાને દૂર કરવા દૂર-દૂરના રાજ્યોમાં દૂધની ઝડપી ડિલિવરી માટે પાલનપુરથી નવી રેવાડી સુધી ૭.૫૦ લાખ લિટર દૂધ એટલે કે ૨૫ ટેન્કર ટ્રક-ઓન-ટ્રેકના માધ્યમથી મોકલીને આ સેવા શરૂ કરવામાં આવી છે. જેના દ્વારા જે દૂધ ૩૦ કલાકમાં પહોંચવાનું હતું તે માત્ર ૧૨-૧૩ કલાકમાં પહોંચી રહ્યું છે. આ સુવિધાથી પર્યાવરણમાં બળતણનું પ્રદુષણ અટકાવવામાં આવ્યું છે, વાહનના ઈંધણના ખર્ચમાં બચત થઈ છે અને સમયસર ગુણવત્તાયુક્ત દૂધ દૂરના રાજ્યોમાં પહોંચાડવામાં આવી રહ્યું છે.

## બનાસ રેડિયો ૯૦.૦૪ FM :




બનાસ સંકુલ દિયોદરમાં બનાસ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM ૯૦.૦૪) નું ઉદ્ઘાટન દેશના લોકપ્રિય અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. રેડિયો સ્ટેશનના નિર્માણથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોને મનોરંજનની સાથે સાથે પશુપાલન અને ખેતીની વૈજ્ઞાનિક-તકનીકી માહિતી તેમજ લોકશિક્ષણ પણ મળી રહ્યું છે, જેની મદદથી તેઓ પોતાનો વ્યવસાય વધારવામાં સફળ થઈ રહ્યા છે. આ રેડિયો સ્ટેશન થકી જિલ્લાના ૧૭૦૦ ગામોના લાખો ખેડૂત પરિવારો બનાસ ડેરી સાથે જોડાયેલા છે અને વિશ્વભરના શ્રોતાઓ એક જ એપ્લિકેશન દ્વારા રેડિયો સાંભળવા અને ડેરી સાથે જોડાઈ શકે છે.



# બનાસકાંઠા શિરવાડા ગામે બનાસ ડેરી દ્વારા યોજાયો પશુ તપાસણી કેમ્પ

કાકરેજ તાલુકાના શિરવાડા ગામે બનાસડેરી પાલનપુર તથા ધી શિરવાડા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે પશુ તપાસણી કેમ્પનું આયોજન કરાવમાં આવ્યું હતું. જેમાં બનાસડેરીના ડો.ડી.એસ.ગૌસ્વામી, ડો.આર.સી.પટેલ વેટરનરી ડોકટરની ટીમ તેમજ ડો. ધર્મેશ જોષી દ્વારા શિરવાડા ગામની મહિલા ડેરી અંતર્ગત આવતા પશુપાલકોના અગાઉના બે કેમ્પમાં રજિસ્ટર થયેલા ૧૦૯ પશુઓમાંથી ૪૧ જેટલા રજિસ્ટર અને બીજા અનરજિસ્ટર એમ કુલ ત્રીજા કેમ્પમાં ૬૫ ગાય ભેંસ સહિતના પશુઓની તપાસણી કરવામાં આવી હતી. જેમાં તપાસમાં આવેલ ૩૬ પશુ ગાંભણ અને ૨૯ જેટલા ખાલી નીકળ્યા હતા. ગાંભણ ન હોય અને ખાલી હોય તેને પાવડર અને ગોળી આપવામાં આવી હતી. આ વર્ષે આ કેમ્પ ૭૭ ગામડામાં કેમ્પ કરવામાં આવશે. દર અઢી મહિને કેમ્પ કરવામાં આવે છે. આ અગાઉ બે તપાસણી કેમ્પ યોજાયા હતા.

બનાસ ડેરીનો વેટનરી વિભાગ ૨૪ કલાક કાર્યરત રહીને જિલ્લાના પશુધનનાં આરોગ્યની ચિંતા કરે છે. પશુધનને ઝડપી સારવાર મળી રહે તે માટે આધુનિક એપ્લિકેશન પણ બનાવવામાં આવી છે, જેના થકી પશુપાલકો ઘરે બેઠા વિઝીટ નોંધાવીને વેટનરી ડોક્ટરને ઘરે બોલાવી શકે છે. તે ઉપરાંત સમયાંતરે ગામડે ગામડે પશુપાલક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવે છે, જેમાં જરૂરી રોગોનું રસીકરણ, દવા અને તપાસણી કરવામાં આવે છે.



# નર્મદા નીરથી બનાસકાંઠામાં નિર્માણ કરાયેલ તળાવો છલકાયા



ઉનાળાની શરૂઆતમાં સાથે જ તળાવોમાં નર્મદાના નીરની આવક થતાં પશુપાલકો અને ખેડૂતો હરખાયા.
બનાસકાંઠા જિલ્લાને પાણીદાર બનાવવા ચેરમેન શ્રી શંકરભાઈએ નર્મદાના પાણીથી ગ્રામ્ય વિસ્તારના તળાવો ભરાવ્યા.
ખેડૂતો અને પશુપાલકોએ નવનીરના કર્યા વધામણા.

નર્મદા નહેર આધારિત થરાદ સીપુ પાઈપલાઈન યોજનાથી તળાવ ભરવાની કામગીરી સંદર્ભે ૬ માર્ચ ૨૦૨૪નાં રોજ મહાજનપુરા પંપીગ સ્ટેશનની મુલાકાત કરી સંપમાં પાણી ભરવાના કાર્યનો શુભારંભ કરાવ્યો હતો. નર્મદાના પાણીથી તળાવો ભરાતા થરાદ તેમજ એની આજુબાજુના વિસ્તારના ખેડૂતોને સિંચાઇ અને પશુપાલકોને પશુપાલન માટે પૂરતું પાણી ઉપલબ્ધ થયું હતું અને તળાવોમાં નવા નીરનો આરંભ થતાં ખેડૂતોના ચહેરા પર અનંત ખુશી જોવા મળી હતી.

ઉત્તર ગુજરાતમાં અનિશ્ચિત અનિયમિત અને અપૂરતા વરસાદને કારણે ભૂગર્ભ જળ ઉંડા ગયેલ અને ભૂગર્ભ જળની ગુણવત્તા પણ ખરાબ થવા પમેલ. મોટા ભાગનો વિસ્તાર ડાર્ક ઝોન હતો અને વિવિધ જરૂરીયાતોને પહોંચી વળવા માટે ભૂગર્ભ જળના સતત ખેચાણ થવાના કારણે વાર્ષિક સરેરાશ ૩ થી ૫ મીટરના દરે ભૂગર્ભ જળના સ્તર ઘટેલ. વર્ષ ૨૦૦૨ માં ઉત્તર ગુજરાત વિસ્તારમાં પાણીની સમસ્યાને ઘટાડવાના વિવિધ પ્રયત્નોના ભાગ રૂપે સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદાના પૂરના વહી જતાં વધારાના પાણી પૈકી ફળવાયેલ એક મીલિયન એક ફીટ પાણીથી ઉત્તર ગુજરાતનાં ૯ (નવ) જળાશયો ધરોઈ, હાથમતી, ગુહાઈ, વાત્રક, માઝમ, મેશ્વો, મુક્તેશ્વર, દાંતીવાડા, સીપુંમાં નર્મદાનું પાણી નાખી ભરવા અને પથરેખામાં આવતા તળાવો ભરવા કુલ ૧૪ ઉદ્વહન સિંચાઈ પાઈપલાઈનોનું આયોજન કરવામાં આવેલ. સદર કામગીરીમાં કુલ ૧૨ પાઈપલાઈનોની કામગીરી રૂા. ૩૮૭૬.૦૦ કરોડના ખર્ચ થકી પૂર્ણ કરી ૪૬૦ ગામના ૭૭૯ તળાવો તથા ૭ જળાશયોને જોડાણ આપી કુલ ૯૨૨૦૦

હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ/પરોક્ષ સિંચાઈના લાભ હેઠળ આવરવામાં આવેલ છે. ઉક્ત પાઈપલાઈનો પૈકી થરાદ-સીપુ પાઈપલાઈનમાં રૂા. ૫૫૧.૪૦ કરોડના ખર્ચ થકી ૩૯ ગામના ૧૦૬ તળાવો તથા જળાશયના જોડાણ થકી કુલ ૧૨૪૮૧ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ/પરોક્ષ રીતે સિંચાઈના લાભ હેઠળ આવરવાનું આયોજન છે. સદર પાઈપલાઈન થી કુલ કળીને આશરે ૧૨૪૮૧ હેક્ટર જેટલા વિસ્તારમાં પૂરક સિંચાઈ તેમજ પરોક્ષ સિંચાઈની સુવિધા સુનિશ્ચિત કરવાનું આયોજન છે. જે મુજબ સદર પાઈપલાઈનના કુલ ૪ તાલુકાના ૩૯ ગામોના કુલ ૧૦૬ તળાવોના જોડાણથી ૮૩૨૧ હેક્ટર (પેકેજ-૧ ના ૬૯ તળાવોથી ૫૪૧૭ હેક્ટર તથા પેકેજ-૨ ના ૩૭ તળાવોથી ૨૯૦૪ હેક્ટર), સુજલામ સુફલામ કેનાલથી ૨૧૫૯ હેક્ટર તથા સીપુ ડેમ કમાન્ડ એરીયાથી આશરે ૨૦૦૦ હેક્ટર વિસ્તાર લાભિત થાય છે.

રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં પાણી અને સિંચાઈની સમસ્યાના નિવારણ માટે ઉનાળાની શરૂઆત સાથે નર્મદાના નીરથી ગામ તળાવો ભરવાના આયોજનને પગલે થરાદ તાલુકાના તળાવોમાં નર્મદાનું પાણી છોડાતાં ગામેગામ નવા નીરના વધામણાં કરી ઉજવણી કરવામાં આવી હતી. ઉનાળાની શરૂઆત સાથે તળાવો ભરવાની રાજ્ય સરકારની પહેલને ગ્રામજનોએ આવકારી હતી. અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીનો આભાર માન્યો હતો. રાજ્ય સરકાર દ્વારા થરાદ-સીપુ પાઈપલાઈનમાં રૂા. ૫૫૧.૪૦ કરોડના ખર્ચ થકી જિલ્લાના ૩૯ ગામના ૧૦૬ તળાવો તથા જળાશયના જોડાણ થકી કુલ ૧૨.૪૮૧ હેક્ટર વિસ્તારને પ્રત્યષ/પરોક્ષ રીતે સિંચાઈના લાભ હેઠળ આવરવાનું આયોજન છે. આ મુખ્ય પાઈપલાઈનની બન્ને બાજુમાં આવતાં ગામોના તળાવો લિંક પાઈપ નાખીને ભરવામાં આવશે. જેનાથી થરાદથી સીપુ સુધીના ૭૦ ગામોના તળાવો ભરવાની યોજના છે.

સરહદી વિસ્તાર બનાસકાંઠામાં ઉનાળાની સિઝનમાં પાણીની મુશ્કેલી થતી હોય છે જે મુશ્કેલી આજે સરકારની યોજનાથી દૂર થઈ છે. ઉનાળાની કાળઝાળ ગરમી અને પાણી સરહદી વિસ્તારના તળાવોમાં આવતા લોકોમાં ખુશી છે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પ્રયાસોથી આ વિસ્તારમાં ચાલુ વર્ષે ઉનાળાની શરૂઆત સાથે જ પાણીની સમસ્યા ન રહે તેવા હેતુથી તળાવો ભરવામાં આવતાં સમગ્ર પંથકમાં ખુશી અને આનંદની લાગણી છવાઈ ગઈ છે.









# પશુપાલકોની જીવાદોરી બનાસ ડેરી

**બીજાના ભલા અને પરોપકાર માટે પોતાનું સંપૂર્ણ જીવન ખપાવી દઈને એક નાનું બીજ સ્વ. શ્રી ગલબાભાઈ પટેલે રોપ્યું હતું, એ બીજ આજે વટવૃક્ષ બનીને સમગ્ર બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી સુખાકારીમાં વધારો કરી રહ્યું છે.**



# બનાસ ડેરીએ બાદરપુરા ખાતે બટાકાના સંગ્રહ માટે કર્યું અલ્ટ્રા મોર્ડન હાઈટિક બલ્ક કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ



- પોટેટોના સંગ્રહ માટે બાદરપુરા ખાતે ૧૦,૦૦૦ મેટ્રિક ટનની ક્ષમતા ધરાવતા અલ્ટ્રા મોર્ડન હાઈટેક બલ્ક કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કરાયું.
- ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીની વહીવટી નેતૃત્વ કુશળતાને પરિણામે બનાસ ડેરી દ્વારા શરૂ કરાયેલ આ કોલ્ડ સ્ટોરેજના લીધે સંઘના કરોડો રૂપિયાની બચત થવાની શરૂઆત થઈ.
- આ કોલ્ડ સ્ટોરેજના નિર્માણ કાર્યમાં ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સહાય પણ કરવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ બટાટાનું વાવેતર ડીસામાં થાય છે. એટલે જે તેને "પોટેટો ટાઉન" તેમજ બટાટાનું "હબ" કહેવાય છે. નવેમ્બર મહિનામાં ઠંડીનો પ્રારંભ થતાની સાથે જ અહીંના ખેડૂતો બટાટાના વાવેતરનો પ્રારંભ કરી દે છે. બનાસ ડેરીએ પણ બટાકાની ખેતી કરતાં ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા અને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે બટાકાની ખેતી સંબંધિત પ્રોજેક્ટ શરૂ કરેલ છે અને બટાકાની વાનગીનું ઉત્પાદન કરતાં પોટેટો પ્લાન્ટનું પણ બનાસ સંકુલ, સણાદર ખાતે નિર્માણ કરેલ છે, જેનું લોકાર્પણ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. પોટેટો પ્લાન્ટ માટે ઉપયોગમાં લેવામાં આવતા બટાકાના સંગ્રહ માટે બનાસ ડેરીએ બાદરપુરા ખાતે બલ્ક કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કર્યું, જેનો પ્રારંભ ફેબ્રુઆરી ૨૦૨૪ માં કરી દેવામાં આવ્યો હતો. બાદરપુરા ખાતે નવનિર્મિત કોલ્ડ સ્ટોરેજની ક્ષમતા ૧૦,૦૦૦ મેટ્રિક ટન છે, જેનો ઉપયોગ માત્ર બનાસ ડેરીએ ખરીદેલા બટાકાનાં સંગ્રહ કરવા માટે થાય છે. આ કોલ્ડ સ્ટોરેજમાં બટાકાનો સંગ્રહ કરતાં બટાકાની ગુણવત્તા જળવાઇ રહે છે અને સ્યુગર લાંબા સમય સુધી વધતી પણ નથી. પ્રાઈવેટ કોલ્ડ સ્ટોરેજની સરખામણીમાં આ કોલ્ડ સ્ટોરેજની ખાસિયત એ છે કે આ કોલ્ડ સ્ટોરેજમાં ગ્રીડીંગ પ્રમાણે બટકાનો સંગ્રહ કરાય છે તેમજ ગ્રીડીંગ કરીને બટાકા ખાલી કરી શકાય છે. આ બલ્ક કોલ્ડ સ્ટોરેજ પ્રોસેસ જાતના બટાકા માટેનો સ્ટોરેજ છે. બનાસ ડેરી દ્વારા શરૂ કરાયેલ આ કોલ્ડ સ્ટોરેજના લીધે સંઘના કરોડો રૂપિયાની બચત થવાની શરૂઆત પણ થઇ ચુકી છે, જે પ્રાઈવેટ કોલ્ડ સ્ટોરેજમાં બટાકાના સંગ્રહ માટે ભાડા રૂપે ખર્ચવામાં આવતા હતા. તે ઉપરાંત લીનો બેગનો બચાવ થવા લાગ્યો કારણ કે ખેડૂતોને ત્યાંથી બટાકા ટ્રેકટકરનાં બદલે મોટા ટેમ્પોની અંદર લાવવામાં આવી રહ્યા છે, જેના કારણે ટ્રાન્સપોર્ટેશન ઝડપી અને બટાકાની ગુણવત્તા પણ જળવાઇ રહી છે.

બટાકાની નગરી બનાસકાંઠાના ખેડૂતોને બટાકાની ઉત્તમ કિંમત મળે અને વેલ્યુ એડીશન થકી તેમની કમાણી બમણી થાય તે હેતુ સાથે આ પ્લાન્ટમાં ફ્રેચ ફ્રાઇજ, બટાકા ટીક્કી, બટાકા વેજ, બર્ગર પેટીજ અને હેશ બ્રાઉન જેવી વિવિધ પ્રકારની બટાકાની પ્રોડક્ટ્સ બને છે. આ પ્રોડક્ટ્સ બનાવવા માટે બટાકાની જરૂરિયાત વારંવાર ઉભી થતી હોય છે. એટલા માટે બનાસ ડેરી જિલ્લાનાં ખેડુતોને બટાકાની ખેતી કરવા સંબંધિત તાલીમ અને ઉત્તમ બટાકાના બીજ આપીને કોન્ટ્રાક્ટ આધારિત ખેતી કરાવે છે અને આ સંપૂર્ણ બટાકાને ખેડૂતોને શ્રેષ્ઠ ભાવ આપીને બનાસ ડેરી ખરીદી લે છે. પરંતુ બટાકાના મબલક પાકને સંગ્રહ કરવા માટે બનાસ ડેરીએ પ્રાઈવેટ કોલ્ડ સ્ટોરેજમાં કરોડોનો ખર્ચો કરવો પડતો હતો. આ ખર્ચને બચાવવા, બટાકાની ગુણવત્તા જાળવી રાખીને સ્વાદિષ્ટ બટાકાની પ્રોડક્ટ્સ તૈયાર કરવાના હેતુ સાથે બાદરપુરા ખાતે બનાસ ડેરીએ બલ્ક કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કર્યું.

ખેડૂતોને બટાકાની ઉત્તમ કિંમત મળે અને વેલ્યુ એડીશન થકી તેમની કમાણી બમણી થાય તે હેતુ સાથે બટાકા પ્લાન્ટનું નિર્માણ કરાવમાં આવ્યું હતું, જેમાં વિવિધ પ્રકારની ૪૮ ટન બટાકાની પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવી છે. હવે બનાસ ડેરીએ કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ કરીને બટાકાની ખેતી, બટાકાનો સંગ્રહ અને બટાકાની પ્રોડક્ટ્સ બનાવવાનું કાર્ય સંપૂર્ણ સંઘના પ્લાન્ટમાં થાય એ રીતે આયોજન કર્યું છે.





## ‘‘કરેલા કર્મો ક્યારેય એળેજતા નથી’’

“જીવનમાં કરેલા સારા કે ખોટા કામોનું ફળ આપણે સૌએ આ જન્મમાં અહિંયા જ ભોગવવું પડે છે, એટલે બીજાના ભલા માટે કામ કરવું જોઈએ, બીજાના પડખે ઉભા રહેવું જોઈએ અને હંમેશા જનસેવાના કાર્યો કરતાં રહેવું જોઈએ કારણ કે કરેલા કર્મો ક્યારેય એળે જતા નથી”

-શ્રી શંકરભાઈ ચૌધરી (ચેરમેન, બનાસ ડેરી, પાલનપુર)





# બનાસ ડેરીની સૌથી વધુ દૂધ આપતી ભેંસની હરીફાઈમાં મહેસાણી જાતની ભેંસે કાઠું કાઢ્યું.

## બનાસ ડેરી સાથે જોડાયેલ પશુપાલકની એક મહેસાણી ભેંસ આપે છે પ્રતિ દિવસનું ૨૮ લિટર દૂધ

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં એક પશુ પાલકની એવી ભેંસ કે જે બનાસ ડેરીની સૌથી વધુ દૂધ આપતી ભેંસની હરીફાઈમાં કાઠું કાઢ્યું છે. મહેસાણી જાતની ભેંસ સમગ્ર જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે. પ્રતિ દિવસે ૨૪ કિલો અને ૨૮ લીટર દૂધ આપી આ ભેંસ બનાસકાંઠામાં પ્રથમ ક્રમે આવી છે. જેને લઈ બનાસ ડેરી દ્વારા આ ભેંસના માલીક પશુપાલક શ્રીમતી ઉમીબેનને રૂપિયા ૩૦,૦૦૦ નું ઈનામ આપી નવાજવામાં આવ્યા છે.

પશુપાલનને વરેલા બનાસકાંઠા જિલ્લામાં આવેલી બનાસ ડેરી જે એશિયાની સૌથી મોટી ડેરી છે તે ડેરી જિલ્લાના પશુપાલકોમાં પશુપાલન વ્યવસાયમાં રૂચિ જાગે અને લોકો વધુને વધુ પશુપાલન કરી સારી એવી આવક ઊભી કરી શકે તે હેતુસર અનેક પ્રતિયોગિતા યોજાતી હોય છે, જેના થકી દૂધ ઉત્પાદકોને પશુપાલન કરવામાં પ્રોત્સાહન મળે છે અને વધુ દૂધ ઉતપદન કરે છે. આ રીતે બનાસ ડેરી અવનવા પ્રયાસો અને સહાય થકી પશુપાલનનો વ્યવસાય અને દૂધનું ઉત્પાદન વધારવા મદદરૂપ બને છે. આજે બનાસ ડેરી એક કરોડ જેટલું દૂધનું સંપાદન કરતી એશિયાની નંબર વન ડેરી બની છે. ત્યારે બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો માટે સૌથી વધુ દૂધ ઉત્પન્ન કરતી ભેંસ માટે એક હરિફાઈ યોજાઈ હતી. જેમાં જિલ્લાના અનેક પશુપાલોકએ પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જોકે આ તમામ પશુઓમાં બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરના શ્રીમતી ઉમીબેન જુડાલની ભેંસ પ્રથમ ક્રમે આવી હતી. શ્રીમતી ઉમીબેન પાસે ૧૩ માંથી એક ભેંસ એ મહેસાણી જાતની ભેંસ છે. અન્ય ભેંસો દિવસનું ૮ થી ૧૦ લીટર દૂધ આપે છે. પરંતુ આ અનોખી મહેસાણી ભેંસ દિવસનું ૨૮ લીટર દૂધ પૂરું પાડે છે. શ્રીમતી ઉમીબેને આ ભેંસનું રજીસ્ટ્રેશન બનાસ ડેરીમાં કરાવ્યું હતું અને તે બાદ બનાસ ડેરીની ટીમ દ્વારા આ ભેંસના દૂધની માપણી કરવામાં આવી તો ભેંસનું ૨૪ કિલોગ્રામ એટલે કે ૨૮ લીટર જેટલું દૂધ ઉત્પન્ન કરતી ભેંસો માની એક સાબિત થઈ છે.



# વિશ્વ જળ દિવસ
# પાણીદાર બનાસ માટે ચેરમેન શ્રી શંકરભાઈનો પુરુષાર્થ






પ્રાચીનકાળથી જ જળ સંચયનું મહત્વ રહ્યું છે. પ્રાસીનકાળમાં પાણીના સંગ્રહ માટે તળાવ, વાવ, કુવા બનાવવામાં આવતા હતા. આ કુવા, તળાવ, વાવ વગેરેમાં ચોમાસાનું વરસાદી પાણી ભરાય તેવી વ્યવસ્થા કરવામાં આવતી હતી. આપણા વડીલો અને પૂર્વજોએ વરસાદી પાણીનો ખૂબ જ કુનેહપૂર્વક ઉપયોગ કર્યો છે, આવા સુંદર આયોજનના કારણે ઉનાળાના દિવસો સુધી પાણી મળી રહેતુ હતું. તેઓ આજે પણ આપણને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડે છે. હાલની પરિસ્થિતિ જોઈએ તો તળાવ, વાવ, કુવા જેવી પાણીના સંગ્રહની વ્યવસ્થાનું પ્રમાણ ઓછું થતુ જાય છે. આપણી સહેજ પાછળની પેઢીએ પુછીએ તો પણ તેઓ આપણને તળાવનો મહિમા ખુબ સુંદર રીતે વર્ણવી શકશે. અગાઉના સમયમાં કોઈ ગામ નદી, તળાવ વગરનું ન હતું. હવે





જાળવણીના અભાવે આ તળાવો માટી-કાંપથી પૂરાતા જાય છે. છેલ્લા ઘણા વર્ષોથી તળાવ, કૂવા, સરોવરમાં રહેલુ પાણી સમાપ્ત થઇ ગયું છે અને પાણીના સ્તર નીચે જઇ રહ્યા છે. આથી ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ જળસંચયનું મહત્વ સમજી અને લોકોમાં તેના અંગેની જાગૃત્તતા લાવી જળ સંચય, જળ પ્રબંધન અને જળ સુરક્ષાની દિશામાં કાર્યો હાથ ધર્યા છે.

**વિશ્વ જળ દિવસ મૂલ્યવાન સંસાધનની યાદ અપાવે છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ‘Catch The Train’ ના સપનાને સાકાર કરવા અને આ અમૂલ્ય ભેટને સચાવી ભાવિ પેઢીઓ માટે પાણીયુક્ત વારસો છોડવા માટે બનાસ ડેરી પ્રતિબદ્ધ છે.**

બનાસકાંઠા જિલ્લો મુખ્યત્વે પશુપાલન અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલો છે. આ બંને વ્યવસાયમાં જળ મહત્વની ભૂમિકા ભજવે છે. પાણીની અછતના લીધે ખેડૂતો અને પશુપાલકોએ પોતાના વ્યવસાયમાં નુકસાન ભોગવવું પડતું હતું, ત્યારે બનાસ સંકુલ સણાદર (દિયોદર) ના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી એ બનાસવાસીઓને નર્મદાના પાણીને ઇશ્વરનો પ્રસાદ, પારસ માનીને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાનાં ગામડે ગામડે તળાવનું નિર્માણ કરવા આહ્વાન કર્યું હતું. એમના આ આહ્વાનને સાર્થક અને સફળ બનાવવા ચેરમેનશ્રીએ તાત્કાલિક ધોરણે બનાસવાસીઓના સાથ સહકારથી બનાસ જળશક્તિ અભિયાનમાં કામગીરી ઝડપી શરૂ કરી દીધી હતી. જિલ્લામાં પાણીની વિકટ સમસ્યાના કાયમી ઉકેલ માટે તથા ‘ખેતરનું પાણી ખેતરમાં’, ‘સીમનું પાણી સીમમાં’ અને ‘ગામનું પાણી ગામમાં’ રાખવાનો ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીનો ઉદ્દેશ્ય છે. બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત ગામડાઓમાં વરસાદી પાણીનો સંચય થાય અને ઊંડા જઇ રહેલા પાણીના તળ સચવાય, જેથી ખેડૂતો અને પશુપાલકોને ફાયદો થાય તે માટે બનાસડેરી દ્વારા ગામડે ગામડે તળાવ ઊંડા કરીને તેમાં ચોમાસાના પાણીનો સંગ્રહ કરી ભાવિ પેઢીને જળથી સમૃધ્ધ બનેલો વારસો આપવાનું ભગીરથ કાર્ય તેજ ગતિએ કરવામાં આવી રહ્યું છે.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ બનાસ જળશક્તિ અભિયાન શરૂ કરી લોકભાગીદારી સાથે ગામડે ગામડે ૨૪૫ થી વધુ તળાવ ઊંડા કરીને તેમાં ચોમાસાના પાણીનો સંગ્રહ જળથી સમૃધ્ધ બનેલો વારસો ભાવિ પેઢીને આપવાનું એક ભગીરથ કાર્ય કર્યું છે. બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં થયેલ જળ સંચય કામગીરીમાં આશરે કરોડ લીટરથી પણ વધુ પાણીનો જળસંગ્રહ થયો, જેનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કુવા અને બોરમાં ઊંડા જતા પાણીના તળ ઉંચા આવ્યા. જેનો સીધો લાભ પશુપાલન અને ખેતીમાં સિંચાઇ ક્ષેત્રે થયો.

શ્વેત ક્રાંતિ ક્ષેત્રે વિશ્વસમાં ડંકો વગાડ્યા પછી બનાસે જળ ક્રાંતિનું અભિયાન ઉપાડયું છે અને ખૂબ જ ટુંકા ગાળામાં સુક્કાભઠ્ઠ ગણાતા આ પ્રદેશે કેટલાય તળાવો છલોછલ જળથી છલકાવી નાખ્યા છે, એ છે બનાસ ડેરી સાથે સંકળાયેલા ખેડૂતો અને પશુપાલકોની તીવ્ર ઇચ્છાશક્તિ અને કામ કરી શકવાની કાબેલ ક્ષમતા. બનાસ જળ શક્તિ અભિયાન અંતર્ગત બૃહદ બનાસકાંઠામાં ૨૪૫ થી વધુ તળાવો ઉંડા, મોટા અને નવીન અમૃત સરોવર નિર્માણ કરાયા છે. આ જળ સંચય કામગીરી થકી ૨૨૮ MCFT/૨૦૦૦-૩૦૦૦ Cr લીટર પાણીનો જળ સંચય, સંગ્રહ થયો છે.

**આવો, આપણે સૌ પાણી બચાવવાનો સંકલ્પ લઈને કુદરત પ્રત્યે આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ.**

# પાણીથી ભરપુર અમૃત તળાવો
# બનાસ જળશક્તિ અભિયાનનું પાણીદાર પરિણામ















# લાખો પશુપાલકોને સમૃદ્ધિનો છાયંડો આપતી
# બનાસ ડેરી



આદરણીય શ્રી સ્વ. ગલબાકાકાએ આશરે ૫૦ વર્ષ પહેલા બનાસડેરીનું બીજ રોપ્યું હતું, તે આજે વિશાળ વૃક્ષમાં રૂપાંતરિત થઈને જિલ્લાના લાખો પશુપાલકો, ખેડૂતો અને મહિલાઓને મીઠા ફળ આપી રહ્યું છે. જ્યારથી શંકરભાઈ ચૌધરીએ બનાસડેરીનું નેતૃત્વ કર્યું છે ત્યારથી જ બનાસકાંઠા જિલ્લો ભારત દેશમાં દૂધ ઉત્પાદકોને સૌથી વધુ દુધની રકમ ચૂકવતો જિલ્લો બન્યો છે. એમના સફળ અને સક્ષમ નેતૃત્વ હેઠળ બનાસડેરીના કર્મયોગી કર્મચારીઓની, પશુપાલકોનો અને સંસ્થા સાથે જોડાયેલા અને અન્ય સભ્યોના પરિશ્રમના કારણે પશુપાલકોની આર્થીક અને સામાજિક ઉન્નતી થઈ છે. સાથે સાથે છેલ્લા વર્ષે બનાસડેરી રૂા. ૧૮,૦૫૯ કરોડથી વધુનું ટર્ન ઓવર કરી પ્રગતિના પંથે આગળ વધીને પશુપાલકોના કલ્યાણ અર્થે રૂા. ૧૯૫૨ કરોડ રૂપિયાનો ઐતિહાકિસ ભાવ ફેરનો નિર્ણય કર્યો હતો, જે સહકારી ક્ષેત્રમાં રેકોર્ડ બ્રેક છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનાં નેતૃત્વમાં બનાસકાંઠાના નાના પશુપાલકોએ ભેગા મળીને બનાસ ડેરીની સફળતાની ગૌરવગાથા લખી છે. ૫૫ વર્ષ પહેલા સ્વર્ગસ્થ શ્રી ગલબાકાકા દ્વારા રોપાયેલા નાના બીજમાંથી, બનાસ ડેરી આજે એક શક્તિશાળી વટવૃક્ષ બનીને ખીલી છે, જે હજારો ખેડૂતો અને પશુપાલકોને સમૃદ્ધિ પ્રદાન કરે છે. બનાસ ડેરીએ દૂધ ઉત્પાદન અને અન્ય કૃષિ પાકોમાં તો સફળતા પ્રાપ્ત કરી જ છે પરંતુ સાથે સાથે એ પણ સુનિશ્ચિત કર્યું છે કે કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં મૂલ્યવર્ધન દ્વારા સમૃદ્ધિ પ્રાપ્ત થાય. બનાસ ડેરીએ ૧૯૬૯ થી સર્વગ્રાહી સુખાકારી અભિગમ સાથે કાર્યરત છે. સરેરાશ ૬૯૮ મીમી વરસાદ સાથે શુષ્ક વાતાવરત હોવા છતાં, જિલ્લામાં દૂધનું ઉત્પાદન ૨૦૧૩-૧૪ માં પ્રતિ દિવસ ૨૯.૦૬ લાખ કિલોગ્રામથી વધીને ૨૦૨૨-૨૩ માં ૭૨.૦૪ લાખ કિલોગ્રામ થયું છે. આ વર્ષે બનાસ ડેરીએ એક જ દિવસમાં ૧ કરોડ લીટર દુધની રેકોર્ડબ્રેક પ્રાપ્તિ હાંસલ કરી છે, જે દેશના તમામ ડેરી ઉદ્યોગના રેકોર્ડને વટાવી દીધા છે.

બનાસ ડેરીએ વાર્ષિક ટર્ન ઓવરમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ કરી છે, જે ૨૦૧૩-૧૪ માં રૂા. ૪,૬૮૭ કરોડથી ૨૦૨૨-૨૩ માં વધીને રૂા. ૧૮,૦૫૯ કરોડ થઈ છે. આઠ વર્ષ પહેલા બનાસ ડેરીનાં પશુપાલકોને દર મહિને રૂા. ૨૮૭ કરોડ રૂપિયા ચુકવાતા હતા તે આજે પ્રતિ દિવસ રૂા. ૩૩.૭૦ કરોડ લેખે મહિને રૂા. ૧,૦૨૫ કરોડથી વધુ ચુકવાય છે એટલે કે માત્ર ગણતરીના વર્ષોમાં પહેલા કરતાં સાડા ત્રણ ગણી અને તે પણ સીધા દર ૧૫ દિવસે અચૂક પશુપાલકોના બેંક ખાતામાં જમા થઈ જાય છે. વધુમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસ

ડેરી થકી જિલ્લામાં આર્થિક વિકાસ, મહિલા સશક્તિકરણ, સમાજિક ગેર માન્યતાઓને દૂર કરવા, કુપોષણ ઘટાડો, જિલ્લાને હરિયાળો બનાવવો, પાણીની ઉપલબ્ધતા, પશુપાલનમાં આધુનિકરણ, રોજગાર નિર્માણ, તબીબી શિક્ષણમાં પ્રગતિ અને ઉત્તમ પશુધનમાં વધારા જેવા લોકોના જીવનધોરણમાં સુધારો કરતાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. તદ્ઉપરાંત બનાસ ડેરી વૃક્ષારોપણ, તળાવનું નિર્માણ, જળ સંરક્ષણ ઝુંબેશ, સીડબોલ ઝુંબેશ, માટી સંરક્ષણ અને નશા વિરોધી ઝુંબેશમાં સક્રિય છે. બનાસકાંઠા સમગ્ર ભારતમાં દૂધ ઉત્પાદકોને દૂધના શ્રેષ્ઠ ભાવ આપવામાં અગ્ર હરોળમાં છે, સાથે પૈસાની ચુકવણી સીધી એમના ખાતામાં કરવામાં આવે છે, જે પ્રેરણાદાયક છે. છેલ્લા આઠ વર્ષમાં બનાસ ડેરીનાં સામુહિક પુરૂષાર્થમાં બનાસ ડેરીનાં કર્મયોગી કર્મચારીઓની મહેનત, પશુપાલકોનો પરિશ્રમ અને નિયામક મંડળનું માર્ગદર્શન બનાસ ડેરીની સામુહિક શક્તિને આગળ વધારવામાં અમૂલ્ય સાબિત થયું છે. કૃષિની સાથે સાથે પશુપાલન અને મધનું ઉત્પાદન એ બનાસવાસીઓ માટે મહત્વની પુરત આવક બની ગઈ છે. દૂધની ગુણવત્તાના ધોરણે સારા ભાવો મળતા ખેડૂતોની પશુપાલનની પ્રવૃત્તિને વેગ મળ્યો છે તેમજ ઘણાખરા પશુપાલનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કુટુંબોને પુરતી રોજી રોટી મળી રહેતા સમાજમાં માનભેર રહેતા થયા તેમજ જીવનમાં સુખાકારી આવી છે. બનાસ ડેરીનાં નેજા હેઠળ સમાજમાં સહકાર, એકરૂપતા, સુખાકારી અને આર્થિક સદ્ધરતા આવી છે. આ પ્રગતિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દુરંદેશી માર્ગદર્શન અને બનાસ ડેરીનાં પશુપાલકોના અવિરત પ્રયાસોનું પરિણામ છે. પંખીને ઉડવા માટે વિશાળ આકાશ ઉપલબ્ધ હોય છે, એમ બનાસ ડેરીના પ્રગતિ માટે અમાપ અવકાશ છે.

બનાસ ડેરીએ જિલ્લાના લોકોને આધુનિક રીતે ખેતી કરતાં, પશુપાલન વ્યવસાય સાથે જોડયા, વેસ્ટમાંથી બેસ્ટ બનાવતા શીખવાડ્યું, બટાકાની ખેતીને પ્રોત્સાહન આપ્યું, મધની ખેતી કરતાં શીખવાડ્યું અને દૂધના શ્રેષ્ઠ ભાવ આપીને નાગરિકોને આર્થિક રીતે મજબુત કરી રહી છે. બનાસ ડેરીએ દિયોદરમાં પણ બનાસ ડેરી સંકુલ ઉપરાંત દિયોદર તાલુકામાં ૨૦૦ બાયોગેસ યુનિટ અને બાદરપુરા ખાતે આધુનિક આટા પ્લાન્ટની સ્થાપના જેવી વિવિધ કલ્યાણકારી યોજનાઓ હાથ ધરી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં નવા સાહસ રૂપે જિલ્લાની અલગ અલગ દૂધ મંડળી ખાતે ૨૪ ઉમંગ મોલ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. વારાણસીમાં બનાસ કાશી સંકુલ ડેરી પ્લાન્ટનું બાંધકામ શરૂ કરાયું છે, તેમજ અમૂલ રિટેલ પાર્લર અને બનાસ ફૂડ લેન્ડ રેસ્ટોરન્ટની સ્થાપના કરાઈ છે. વધુમાં, બનાસ ડેરીએ બનાસ કેટલ ટ્રીટમેન્ટ એપ લોન્ચ કરી છે, તમામ કામગીરી કમ્પ્યુટરાઈઝેશન કરાઈ છે. ખેતી અને દૂધ ઉછેર માટે ડ્રોન ટેક્નોલોજી સંબંધિત યોજનાઓ શરૂ કરાઈ છે. બનાસ ડેરીએ બનાસ પોટેટો વેલ્યુ એડીશન પ્રોજેક્ટ હેઠળ બટાકાનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વધારો કાર્યો છે અને બનાસ ખાદ્ય તેલ યોજના થકી બાદરપુરાની બંધ મિલમાં સફળતાપૂર્વક ફરી તેલ ઉત્પાદન શરૂ કર્યું છે. ગોબરધન યોજનાએ અસરકારક રીતે કચરાને ઉપયોગી ઉત્પાદનમાં રૂપાંતરિત કર્યું છે, જ્યારે કેટલફીડ વિસ્તરણ યોજનાથી કાતરવા કેટલફીડ પ્લાન્ટની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરાયો છે. ટેક હોમ રાશન પ્લાન્ટ દ્વારા કુપોષણ નિવારણમાં બનાસ ડેરીએ નોંધપાત્ર સફળતા મેળવી છે. બનાસ મેડીકલ કોલેજ, દેશની પ્રથમ ખેડૂત માલિકીની કોલેજ છે જે બનાસ ડેરીનાં પશુપાલકોના બાળકોને ફી માં ૫૦% રાહત આપે છે. વધુમાં, બનાસ ડેરીએ ફરીદાબાદ, કાનપુર અને લખનૌમાં નવા ડેરી પ્લાન્ટ સ્થાપ્યા છે અને વન વિભાગના સહયોગીથી ૧ કરોડથી વધુ સીડબોલનું ઉત્પાદન કરીને પ્રકૃતિ સંવર્ધનમાં સક્રિય યોગદાન આપ્યું છે.






# પ્રથમ જયોતિર્લિંગ ભગવાન કાશી વિશ્વનાથ મહાદેવજીનો પ્રસાદ બનાસ ડેરીએ પશુપાલકોના ઘરે ઘરે પહોંચાડ્યો



બનાસડેરીનાં આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાકાકાએ બનાસકાંઠા જિલ્લાના છેવાડાના વિસ્તારમાં રહેતી મહિલાઓના કલ્યાણ અર્થે બનાસ ડેરીરૂપી એક બીજ વાવ્યુ હતું, આજે તે વટવૃક્ષ બની લાખો પશુપાલકોને સમૃદ્ધિનો મીઠો છાંયડો આપે છે અને લાખો પશુપાલક પરિવારોનો આધાર બની છે. બનાસ ડેરી દિનપ્રતિદિન પ્રગતિના પંથે આગળ વધી રહી છે. ગુજરાત સિવાય દેશના અન્ય રાજ્યોમાં પણ બનાસ ડેરીએ પોતાના પ્લાન્ટ સ્થાપિત કરીને સહકારી ભાવના સાથે પશુપાલકોને જોડાવવાનો સફળ પ્રયાસો કર્યા છે. તાજેતરમાં વારાણસી ખાતે અંદાજિત ૬૨૨ કરોડ રૂપિયાના ખર્ચે ૩૦ એકર જમીન ઉપર નિર્માણ થયેલ બનાસ કાશી સંકુલ ઉત્તર પ્રદેશને સહકારી ક્ષેત્રમાં વિકાસ મોડેલ તરીકે તૈયાર કરવા માટેનું એક સીમાચિહ્ન છે. જેના થકી ગુજરાતની સાથે સાથે હવે ઉત્તર પ્રદેશમાં પણ શ્વેતક્રાંતિનો ઈતિહાસ રચાશે અને સહકાર માત્ર વ્યવસ્થા જ નહિં પરંતુ મજબુત વિચારધારા બની જશે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના શુભહસ્તે ૨૩ ડીસેમ્બર, ૨૦૨૧ ના રોજ બનાસ કાશી સંકુલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સંસ્કૃતિ, સભ્યતા અને શ્રદ્ધાની નગરી વારાણસીમાં હવે બનાસડેરી નવા યુગનું નિર્માણ કર્યું છે. આ બનાસ કાશી સંકુલમાં રોજના ૧૦ ટન મીઠાઈ બનાવવાના પ્લાન્ટનો પણ સમાવેશ થાય છે. આ મીઠાઈ પ્લાન્ટમાં બનતા લાલપેંડા, જેનો પ્રસાદ પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન કાશી વિશ્વનાથ મહાદેવજીને ચડાવવામાં આવ્યો હતો ત્યારે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આપવિત્ર પ્રસાદ બનાસ ડેરીનાં સમગ્ર પશુપાલકો સુધી પહોંચાડવાની દ્રઢ ઈચ્છાશક્તિ વ્યક્ત કરી હતી. આજે બનાસકાંઠા જિલ્લાના સમગ્ર પશુપાલકોના ઘરે બનાસકાશી સંકુલમાં બનાવેલ લાલપેંડા પ્રસાદરૂપે પહોંચાડવામાં આવ્યા હતા.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોને જણાવ્યું હતું કે પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન કાશી વિશ્વનાથ મહાદેવજીને ચડાવેલ લાલપેંડાનો પ્રસાદ પશુપાલકોને ઘરે ઘરે પહોંચાડતા આનંદની લાગણી અને ધન્યતા અનુભવું છું.